**ક્રિમીનલ કેસ નંબરઃ1754/07**

## <u>આંકઃ૧ લગત હુકમ</u>

વિદ્ધવાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મહે.જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનો તારીખઃ૧૨/૧૨/૨૦૧૯ નો પત્ર હુકમ નંબરઃડીસી/સીટીઝેડ/ મેટ્રો.કોર્ટ/ લોકઅદાલત/ ડોરમેટ કેસ/પરત/૨૦૧૯ તારીખઃ ૧૨/૧૨/૨૦૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદને આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં, આરોપીને શોધવા પ્રયાસ કરવામાં સમય,શક્તિ અને નાણાંનો વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તેમ માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનુ ભારણ ઓછુ થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિદ્ધવાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વિડ્રોએલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નિચે મુજબનો હુકમ કરૂ છુ.

## <u>–ઃ હુ ક મ ઃ–</u>

આથી ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૧ અન્વયે વિદ્ધવાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપતા હોય, આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

મુદ્ધામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧. મુદ્ધામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.

૨. મુદ્ધામાલ રોકડ રકમ જપ્ત કરી, અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩.	આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામા આવે છે, અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

૪.	બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

સદરહુ હુકમ આજ તારીખઃ૧૪મી માહે ડીસેમ્બર સને ૨૦૧૯ નાં રોજની લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(જિજ્ઞાશા માણેકલાલ ગજજર)**
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ.
કોર્ટ નંબરઃ૨૩.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૯૨૧.

મુકામ:અમદાવાદ